# પવિત્ર શુક્રવાર

## ૧લો શાસ્ત્રપાઠ :પયગંબર યશાયાના ગ્રંથમાંથી

## પાઠઃ: [ 52 : 13 – – 53: 12 ]

### તેઓ આપણા દોષો માટે વીંધાયા હતા.

પ્રભુ કહે છે : મારા સેવકની ચડતી થશે, તેને ઊંચે ને ઊંચે ચડાવવામાં આવશે, તેની ખૂબ ઉન્નતિ થશે; પહેલાં જેમ તેને જોઈને ઘણા લોકો ભયચકિત થઈ ગયા હતા, તેમ આજે ઘણી પ્રજાઓ એને જોઈને આશ્ચર્યચક્તિ થઈ જશે, અને રાજાઓ સ્તબ્ધ થઈ જશે. કારણ, કોઈએ કહ્યું ન હોય એવું તેઓ જોશે, અને પહેલાં કદી સાંભળ્યું ન હોય એવું નજરે ભાળશે. આપણે જે સાંભળ્યું છે તે કોણે માન્યું હોત ? એમાં પ્રભુનો હાથ હશે એવું કોણે પિછાન્યું હોત ? તે પ્રભુની આગળ છોડની પેઠે ઊગી નીકળ્યો હતો, સૂકીભટ ધરતીમાંથી ફૂટી નીકળતા ફણગાની પેઠે તે ઊગી નીકળ્યો હતો. એનામાં નહોતું રૂપ કે નહોતી આંખ આકર્ષતી સુંદરતા કે નહોતી મનમોહક આકૃતિ. તેનું રૂપ તો એવું તો વિરૂપ થઈ ગયું હતું કે જાણે માનવ જ ન લાગે.

લોકો તેનો તિરસ્કાર કરી તેને ટાળતા હતા, તેનાં દુઃખોનો પાર નહોતો, તેણે અનેક વીતકો વેઠયાં હતાં. તેની દશા એવી હતી કે લોકો જોઈને મોં ફેરવી લે અને તેનો તિરસ્કાર કરે. આપણે તેને કશા લેખામાં જ લીધો નહિ. તેમ છતાં તેણે આપણાં વીતકો પોતા ઉપર લઈ લીધાં, આપણાં દુઃખો પોતે વહોરી લીધાં. આપણે તો એમ માન્યું કે તેને સજા થઈ છે, ઇશ્વરે તેને આઘાત કરીને દુઃખમાં નાખ્યો છે. પણ તે તો આપણે કરેલા અપરાધો માટે વીંધાયો હતો, અને આપણા દોષો માટે રિબાયો હતો. એણે ભોગવેલી સજાને કારણે આપણે સુખશાંતિ ભોગવીએ છીએ, અને તેને પડેલા ચાબખાથી આપણે સાજાસમા છીએ. આપણે બધા ઘેટાંની પેઠે રસ્તો ભૂલીને જેને જેમ ફાવ્યું તેમ જતા હતા; પણ પ્રભુએ આપણા બધાનો દોષ તેને માથે નાખ્યો, તેને રિબાવવામાં આવ્યો, પણ તેણે બધું શાંતિથી વેઠી લીધું, મોં સુધ્ધાં ખોલ્યું નહિ. મૂંગે

મોઢે કતલખાને જતા ઘેટાંની પેઠે, અથવા ઊન ઉતારનારની આગળ જતા ગાડરની પેઠે તેણે મોં ખોલ્યું નહિ. તેને પકડવામાં આવ્યો ને તેનો ન્યાય તોળીને તેને લઈ ગયા. તેનું શું થયું તેનો વિચાર સરખોય કોઈએ કર્યો નહિ.

જીવતાં માણસોની દુનિયાથી તેનો વિચ્છેદ કરવામાં આવ્યો, મારા લોકના ગુના માટે તેને મારી નાખવામાં આવ્યો. તેને દુષ્ટો સાથે કબરભેગો કરવામાં આવ્યો, એને ધનવાનો ભેગો દફનાવવામાં આવ્યો, જોકે તેણે કોઈ ગુનો કર્યો નહોતો, કે અસત્ય ઉચ્ચાર્યું નહોતું. તેમ છતાં પ્રભુને એને દુઃખોથી રિબાવવાનું રુચ્યું. તેણે પાપના પ્રાયશ્ચિત તરીકે પોતાનું બલિદાન આપ્યું, એટલે તે લાંબુ આયુષ્ય ભોગવશે, છોકરાંનાં છોકરાંને જોવા પામશે, અને તેના હાથે પ્રભુનું કામ પાર ઊતરશે. તેની બધી વેદનાઓને અંતે તે પ્રકાશ જોવા પામશે, અને જ્ઞાનથી પરિતૃપ્ત થશે.

આમ, - પ્રભુ કહે છે – મારો નિર્દોષ સેવક અસંખ્ય લોકોને દોષમુકત કરશે, કારણ, તેમના ગુના તેણે પોતાને શિરે લઈ લીધા. આથી એને ભાગે હું અસંખ્ય લોકો આપીશ, અગણિત લોકો એને હિસ્સે આવશે. કારણ, તેણે પ્રાણ પાથર્યા હતા, અને પોતાની ગણતરી ગુનેગારોમાં થવા દીધી હતી; તેણે અસંખ્ય લોકોનાં પાપો પોતાને શિરે લઈ લીધાં હતાં, અને ગુનેગારોને માટે તેણે પ્રાર્થના કરી હતી.

આ પ્રભુની વાણી છે.

[સ્તોત્રઃ31] “મુજ પ્રાણને હવે, પિતા બસ, સોંપું તુજ હાથમાં, પિતા”

# પવિત્ર શુક્રવાર

## 2 જો શાસ્ત્રપાઠ : હિબ્રુઓ પરના પત્રમાંથી પાઠઃ

## [4 : 14 – 16 ; 5 : 7 – 9 ]

પોતાના વીતકોમાંથી તે આજ્ઞાપાલનનો પાઠ શીખ્યા હતા અને એમની આજ્ઞા ઉઠાવનાર સૌને માટે મુક્તિનું કારણ થઈ પડયા.

આપણી પાસે ઇશ્વરના પુત્ર ઇસુ જેવા મહાન વડા પુરોહિત છે, જે આકાશને વીંધીને ઠેઠ પહોંચ્યા છે, તો આપણે જે ધર્મશ્રદ્ધાને સ્વીકારી છે તેમાં અચળ રહીએ. આપણા વડા પુરોહિત એવા નથી કે જે આપણી દુર્બળતાઓ પ્રત્યે સહાનુભૂતિ ન રાખી શકે; બલકે, એવા છે જેમને આપણા જેવી બધી જ કસોટીઓનો અનુભવ થયો છે – સિવાય એક પાપનો.

તો ચાલો, આપણે હિંમતપૂર્વક પરમકૃપાળુ પરમેશ્વરના સિંહાસન આગળ પહોંચી જઈએ. ત્યાં આપણને દયા પ્રાપ્ત થશે. અને ખરે વખતે કૃપાની મદદ મળી રહેશે.

પોતાના દુન્યવી જીવન દરમ્યાન  ઇસુએ પોતાને મોતથી ઉગારી શકનાર ઇશ્વરની આગળ આર્તનાદ અને આંસુઓ સાથે પ્રાર્થના અને વિનવણી કરી હતી; અને તેમની નમ્રતાભરી ભક્તિને કારણે તેમની પ્રાર્થના સાંભળવામાં આવી હતી. પુત્ર હોવા છતાં, પોતાનાં વીતકોમાંથી તે આજ્ઞાપાલનનો પાઠ શીખ્યા હતા, અને એ રીતે પૂર્ણત્વ પ્રાપ્ત કરી પોતાની આજ્ઞા ઉઠાવનાર સૌને માટે શાશ્વત મુક્તિનું કારણ થઈ પડયા હતા.

આ પ્રભુની વાણી છે.